તેઓએ પોતાના અંગત જીવનનો દાખલો આપી બાળકોને સંપૂર્ણ એકાગ્રતા તથા આત્મવિશ્વાસ સાથે નકારાત્મક વલણ છોડી તમને મળેલા સમયનું બરાબર મેનેજમેન્ટ કરો તો સફળતા તમારા પગ ચુમતી આવશે. તેમણે બાળકોને સારા માર્કસથી પાસ થવા બદલ અભિનંદન આપેલા તથા યુવક મંડળ ખૂબ જ સુંદર ઈનામો વિદ્યાર્થીઓને આપે છે તે બદલ આનંદની લાગણી અનુભવેલ. ડૉક્ટરે કહેલ છે કે એક સમયે મેં પણ અત્રેથી ઈનામ લીધેલ છે.

આ ઈનામી મેળાવડામાં ધોરણ-૧ થી ૧૨ તેમજ કોલેજની બધી જ ફેકલ્ટીમાંથી આવેલ ગ્રેજ્યુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ માર્કશીટમાંથી નક્કી કરેલ ટકાવારી પ્રમાણે પ્રથમ તથા દ્વિતીય ઈનામ અને બાકી રહેલા સર્વેને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ.

આ કાયમી ઈનામી વિતરણ સમારોહ પ્રમુખશ્રી ડૉ. પ્રાંજલ પીપારા, યુવક મંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, અન્ય ઉચ્ચ હોદ્દેદારો તથા દરેક કારોબારી સભ્યોએ સુંદર રીતે તન-મન-ધનથી કાર્યક્રમ સફળ બને તેવી અગાથ મહેનત કરી છે. તેમજ સંઘનો પણ ખૂબ જ ઉત્સાહપૂર્વકનો સાથ-સહકાર મળતો હોવાથી યુવક મંડળને નવા કાર્યો કરવાની પ્રેરણા મળે છે.

આ યુવક મંડળ ૨૭ વર્ષથી સારી કવૉલીટીની ચોપડાનું વિતરણ તથા ગાઈડોની સહાય પણ કરી રહ્યું છે. ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.

ઉપરોક્ત ઈનામી વિતરણ સમારોહમાં શ્રી સંદીપભાઈ સંઘવીએ એનાઉન્સર તરીકે સુંદર શાયરીઓ દ્વારા તેમના આનંદી સ્વભાવથી બાળકોને તથા હાજર રહેલા સૌને ખૂબ જ હસાવીને ખુશ કરી દીધા.

આ સમારોહ બાદ ઉપસ્થિત રહેલ સર્વે ભાઈ-બહેનો તથા બાળકો સાથે શ્રીસંઘે ગૌતમ પ્રસાદ રાખેલ. શ્રી યુવક મંડળ હાજર રહેલા દાતાશ્રી, મહાનુભાવો, ભાઈ-બહેનો તથા વિદ્યાર્થી મિત્રોને સહકાર બદલ આભાર માને છે.


(M) 98244 45844
પ્રતિક : (M) 98258 03686

સર્વોદય

૧, વૃંદાવન બિલ્ડીંગ,
આઈ.ડી.બી.આઈ બેંક સામે,
ગુરૂકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન: (O)27433686 (R)27483721
Email: sarvoday3686@gmail.com

સાડીઓ તથા ડ્રેસ મટીરીયલ...

Neha
Art, Fashion & Cooking Classes
More... More... More...
Neha Rushabh Sanghvi
Mo. 9427022225,7016337038
Address : 12, Naval Apt,
Opp. Sushrut Hospital,
Nr. Mahalaxmi Five Road,
Paldi, Ahmedabad-07

Earn More Money Upto 30,000.00 Per Month at Your Home (Only For Ladies)

Learn Cake Decoration With Cream & Chocolate Icing
Basic To Advance (2 Days) Certified Cake Workshop
Only 3000/-
More Than 30 Type of Cake

Homemade Designer Soap Workshop
36 Types Designer Soap
* Hair Pack
* Face Pack
* Hair Oil
* Hand Wash
* Face Wash
* Hair Straight
Free Perfume Workshop with this Workshop
1 Day
We are Selling All Types of Soap, Perfume Related Materials

HOME MADE CHOCOLATE WORKSHOP
Time : 1.00 p.m. to 5.00 p.m.
Learn How to Make Chocolate Slab & More Then 75 Types of Chocolate Making Basic
We are Taking Order Of Chocolates, Cakes, Designer Soap.

ICE CREAM WORKSHOP
LEARN NANKHATAI COOKIES, DONUT, CADBURY ROLL WORKSHOP
LEARN MORE THAN 74 TYPES OF MUKHWAS WORKSHOP

With Any Cooking Workshop :
Mukhwas Workshop (Worth Rs 1000/-) Will Be Free

## Statement about ownership and other particulars about the periodical "SAMAJ AARSI" (Gujarati) as required to be published.

### Form-IV (See Rule-8)

| | | | |
|---|---|---|---|
| (1) | Place of Publication | : | Ahmedabad |
| (2) | Periodicity of Publication | : | Monthly |
| (3) | Printer's Name | : | Shri Ajaybhai N. Doshi<br>Hon. Secretary,<br>Shree Zalawad Visha Shrimali<br>Sthanakwasi Jain Samaj |
| | Whether a Citizen of India | : | Yes |
| | Address | : | 5"th Floor, "SHANTAM",<br>Nr. Havmore Resturent, Navrangpura, Ahmedabad-380 009. |
| (4) | Publisher's Name | : | Shri Ajaybhai N. Doshi<br>Hon. Secretary,<br>Shree Zalawad Visha Shrimali<br>Sthanakwasi Jain Samaj |
| (5) | Editor's Name | : | Smt. Pritiben Narendrabhai Shah |
| | Whether a Citizen of India | | Yes |
| | Address | : | A/4, G-Floor, North View Apartment,<br>Plot No. 4, St. Xaviers Collage Road,<br>Navrangpura, Ahmedabad - 380 009. |
| (6) | Owner's Name | : | Shree Zalawad Visha Shrimali Sthanakwasi Jain Samaj |

I, Ajaybhai N. Doshi, Hon. Secretary of Shree Zalawad Visha Shrimali Sthanakwasi Jain Samaj hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 18-12-2018

For, Shree Zalawad Visha Shrimali
Sthanakwasi Jain Samaj




ધન કરતાં ધર્મ કિંમતી છે, ધન એક ભવ પુરતું છે. ધર્મ તો ભવોભવનો તારક છે, દ્રષ્ટિ બદલાશે, તો દિશા બદલાશે.

PRAVINBHAI J. BARBHAYA : 9427907933

VIRANG : 9825010919 BRIJESH : 9016450264

VE VIRANG ENTERPRISE

BUS BODY ITEMS & AUTOMOBILE COMPONENTS

STOCKIST IN : ALL AUTOMOBILE FIBER PRODUCTS

SALES OFFICE : 26, Celler, India Estate, B/h. Relief Hotel, Sanand Road, Sarkhej, Ahmedabad. Phone : 079-26891087






જે કોઈ વ્યક્તિ કે પદાર્થ સામે આવે તેને જુઓ અને
જાણો પણ નિમિત્તને દોષ ન આપો.

## પ્રમાણિક કઠિયારો

શામુ અને રામુ એમ બે કઠિયારા સામસામે રહેતા હતા. બંને એકબીજાના મિત્રો હતા. પરંતુ શામુ ખૂબ મહેનતુ અને શાંત સ્વભાવનો હતો, જ્યારે રામુ સ્વભાવે આળસુ અને ઈર્ષાળુ હતો. શામું રોજ સવારે સવારે લાકડાં કાપવા જાય એટલે રામુને બોલાવે. પણ રામુ તો સૂતો હોય એટલે તે બપોરે છેક તડકો થઇ જાય એટલે લાકડાં કાપવા જાય, તડકાના કારણે શામુ જેટલા લાકડાં તે કાપી ન શકે. પરિણામે શામુ જેટલા પૈસા પણ તેની પાસે ન આવે. આ કારણે તે શામુથી હંમેશા નારાજ રહે. જો કે શામુ તેને શાંતિથી સમજાવે કે તું પણ મારી જેમ વહેલો ઊઠીને લાકડાં કાપવા આવ તો તને ફણ મારા જેમ જ પૈસા મળે. પરંતુ રામુ જેનું નામ. એ કદી શામુની વાત ન માને.

એક દિવસ શામુ લાકડાં કાપવા નદી કિનારે ગયો હતો. તે લાકડાં કાપી રહ્યો હતો. ત્યારે જ કુહાડી ઉછળીને નદીમાં પડી ગઈ. શામુ તકલીફમાં મુકાઇ ગયો. કારણ કે તેની પાસે લાકડાં કાપવા માટે એક જ કુહાડી હતી અને તેની પાસે એટલા પૈસા પણ નહોતા કે નવી કુહાડી ખરીદી શકે.તેથી તે તળાવમાંથી જ કુહાડી કાઢવાનું વિચારી રહ્યો હતો. એટલી જ વારમાં પાણીમાંથી એક જળપરી નીકળી અને કઠિયારાને એક સોનાની કુહાડી બતાવી પૂછ્યું શામુ આ કુહાડી તારી છે ? શામુ કહે ના જળપરી આ મારી નથી. ફરી જળપરી પાણીમાંથી ચાંદીની કુહાડી બતાવી કહ્યું આ કુહાડી તારી છે કઠિયારાએ ફરી ના કહી. ત્યાર પછી પરીએ કઠિયારાને સાચી કુહાડી બતાવને પૂછ્યું તો આ તારી છે. કઠિયારાએ તરત હા કહી. જળપરી કઠિયારાની પ્રમાણિકતાથી ખૂશ થઇ ગઈ અને તેની પ્રમાણિકતા બદલ ત્રણેય કુહાડી ભેટરૂપે આપી દીધી. સોનાની અને ચાંદીની કુહાડી લઇને શામુ ઘેર જતો હતો. ત્યારે રામુએ તેના હાથમાં આ ત્રણેય કુહાડી જોઈ. તેને નવાઇ લાગી કે આ ગરીબ શામુ પાસે આવડી મોટી સોનાની કુહાડી કઇ રીતે આવી ? તે પોતાની જિજ્ઞાસા સાથે શામુ પાછળ ગયો. શામુના ઘરની બારી પાસે છુપાઇને તે જોવા લાગ્યો. શામુએ ઘરમાં જઇને ખુશ થઇ પત્નીને બોલાવી અને બપોરે બનેલી તમામ વિગત તેને કહી. રામુએ બારી પાછળ સંતાઇને બધું જ સાંભળ્યું.

બીજે દિવસે તે પણ નદી પાસે ગયો અને લાકડી કાપ્યા વગર જ કુહાડી નદીમાં નાંખી તે જ જગ્યાએ ઊભો રહી મોટે મોટેથી રડવા લાગ્યો. કહે ઓહ મારી એક માત્ર કુહાડી પાણીમાં પડી ગઈ. રામુનો જવાબ સાંભળી ફરીથી જળપરી બહાર આવી. તે રામુને કહે શું થયું ? રામુ કહે મારી કુહાડી પડી ગઈ છે. હું શામુનો પાડોશી છું. મને મારી કુહાડી આપશો ? જળપરીએ આ વખતે રામુની જ કુહાડી પહેલી કાઢી અને તેને લે આ જ તારી કુહાડી છે ? રામુને નવાઇ લાગી. તે વિચારવા લાગ્યો કે શામુને તો પહેલા સોનાની કુહાડી બતાવી હતી, મને તો સીધી જ મારી કુહાડી આપી દીધી. કંઇ નહિ આ જળપરીને ક્યાં ખબર છે કે આ મારી કુહાડી છે, હું ના કહીને સોનાની કુહાડી લઇ લઇશ. આમ વિચારી તેણે ના કહી. જળપરીએ પછી ચાંદીની કુહાડી કાઢી. રામુ કહે હા આ મારી છે. અને હજી પણ બીજી કુહાડી અંદર પડી ગઈ છે. જે પણ મારી છે. જળપરીએ સોનાની કુહાડી બતાવી કહ્યું તો તો આ પણ તારી જ હશેને ? રામુએ તરત હા કહી, પણ જળપરીને રામુની ચાલાકીની ખબર પડી ગઈ. અને તેણે ગુસ્સે થઇને કહ્યું દુષ્ટ લાલચી માણસ તું મને મૂર્ખ બનાવે છે ? હવે તને સોના-ચાંદી તો ઠીક પણ આવતાં એક મહિના સુધી તારી સાચી કુહાડી પણ નહીં મળે. આ જ તારી લાલચની સજા છે.

## દિકરા શ્રવણ અને રાવણ

આપણને સહજ રીતે થશે કે, શ્રવણ અને રાવણ બંને સત્યુગમાં જન્મ્યા હતા. તો શ્રવણને સત્યુગમાં અને રાવણને કળિયુગમાં જન્મ્યાનું ઉદાહરણ શા માટે આપ્યું હશે ? આ ઉદાહરણ એટલા માટે મૂક્યું છે કે, શ્રવણે સત્યુગમાં જન્મીને સત્યુગના માણસોને છાજે તાવી માતાપિતાની સેવા કરી હતી. માતાપિતાની સેવા માટે દુનિયામાં અમર બની ગયો છે.

જ્યારે, રાવણનો જન્મ સત્યુગમાં થયો હતો. છતાં તેણે કળિયુગમાં બનતા બનાવોની જેમ પોતાના મોટાભાઈ કુબેર-લંકાની ગાદીના સાચા હક્કદાર હતા. પણ છળ-કપટ કરી રાવણે પોતાના મોટાભાઈ કુબેરને બંદીવાન બનાવી હિમાલયમાં મોકલી દીધા અને પોતે લંકાપતિ બની બેસે છે, માટે કળિયુગના દીકરા તરીકે ગણાવ્યો છો.

આ વાત એટલા માટે યાદ આવી કે, આપણે સોસાયટીમાં, ગામમાં કે શહેરમાંથી ઘણીવાર સાંભળીએ છીએ કે ફળાણા ભાઈને કમાઉ દીકરો હોવા છતાં વૃદ્ધાવસ્થામાં રહેવા જવું પડ્યું. આ તો રોજની વાત બની ગઈ છે. માતાપિતા સુખદુઃખ સહન કરી દીકરાને મોટો કરે છે. ભણાવે છે, કમાતો થાય છે, લગ્ન થતાં ઘરમાં વહુ આવે છે. પછી દીકરો મા-બાપનો મટી વહુનો કહ્યાગરો કંથ બની જાય છે. દુઃખ પીડા, સહન કરી જન્મ આપનાર મા તથા આર્થિક ભીડ વેઠીને ભણાવનાર ઉછેરનાર મા-બાપ હવે દીકરા માટે બોજારૂપ બની જાય છે. વહુના કહેવાથી શહેરમાં વૃદ્ધાશ્રમ હોય તો તેની શોધ શરૂ થાય છે. અને મા-બાપને વૃદ્ધાશ્રમમાં ધકેલવાની યોજના ઘડાય છે.

દીકરો કહે છે "બાપા અહીંયા તમને અગવડ બહુ પડતી હશે નહીં ? આપણા પડોશી ભગુભાઈ વૃદ્ધાવસ્થામાં રહેવા ગયા છે.

તમારે જવું હોય તો વ્યવસ્થાપકને મળી સગવડ કરી દઉં. દીકરાના આવા વેણ સાંભળી આખરે મને ક મને પોતાના લોહી પરસેવાની કમાણીના ઘરને છોડી વૃદ્ધાશ્રમમાં જવું પડે છે. તો આવા દીકરાને રાવણ સાથે સરખાવી શકાય ?

# આ પપ્પા એટલે ?

પપ્પા એટલે ખાલી એક નામ ?
પપ્પા એટલે ખાલી એક દેખાવ જ ?
પપ્પા એટલે ખાલી એક પદ ?
પપ્પા એટલે ખાલી બાયોડેટામાં
નામનું પાછળ લાગતુ અસ્તિત્વ ? ના....

પપ્પા એટલે પરમેશ્વરના પુરાણો કરતા પણ વધુ પ્રેકટિકલ પ્રેરણાદાઈ પુસ્તક....

આપણી સૌથી મોટી તકલીફ એ છે કે આપણામાંથી ઘણા પુરાણો વાંચવાની અને સમજવાની વાતો કરે છે પણ ઘરમાં બેઠેલા પપ્પાને નથી વાંચી શકતા...

આ પપ્પા નામે પ્રોફાઇલને ક્રેડિટ સાથે બહુ લેવા દેવા નહીં...માને ઇશ્વર માની લેનાર સમાજ પપ્પા જ સમજે. કારણ કે આ પપ્પાએ કોઇ દિવસ પોતાની જાતને ઇશ્વરની કેટેગરી માટે નોમીનેટ કર્યો જ નથી.

"ખબરદાર જો આમ કર્યું છે તો... આવવા દે તારા પપ્પાને બધ્ધું જ કહી દઈશ. આવા વાક્યો. દરેક મા એ ક્યારેક ને ક્યારેક પોતાના બાળકને નાનપણમાં કહ્યાં જ હશે.

ઘણા કિસ્સાઓમાં તો બાપની કિંમત સમજાય છે ત્યાં સુધીમાં બાપ ખીલ્લી પર ટાંગેલ ફોટો બની ગયો હોય છે. બાકી પપ્પા તો એવા પરમેશ્વર છે જેને પામવા વ્રત, ઉપવાસ કે અઘરા શ્લોકના ગાન કરવા નથી પડતા આપણી તકલીફમાં આપણા ખભાને ટેકો દેવા એ જીવતો દેવ હાજરા હજૂર હોય છે. ડો. નિમિત્ત ઓઝાએ લખેલ એક સરસ વાત યાદ આવે છે કે ઘરની બહાર નીકળતા ખાડો આવે ને પડી જવાય તો "ઓ મા" બોલાય છે પણ અજાણ્યા જ રસ્તો ક્રોસ કરતા ટ્રક છેક પાસે આવી જાય ત્યારે તો મ્હોંમાંથી "ઓ બાપરે" જ સરી પડે છે. જે એ વાતની સાબીતી છે કે નાની નાની તકલીફોમાં યાદ આવે. પણ જીવનની અઘરી અને મોટી તકલીફોમાં તો બાપ જ યાદ આવે છે.

પપ્પા નામના પરમ મિત્રને ઓળખવાની કળા મોટા ભાગે યુવાનીમાં કેળવાતી જ નથી બાકી એ વાત ખરી કે આ ઉંમરમાં પપ્પા ભણવા કરતા ગણાવે છે વધુ કોઈ બાપ પાર્ટ ટાઇમ નોકરી કરતો હશે પણ પિતૃત્વનો ફુલ ટાઇમ જ કરતો હશે. કારણ કે ખેતરમાં હળ ચલાવતો કે પછી ઓફિસમાં ઓવર ટાઇમ કરતો બાપ આખરે તો દિકરા કે દિકરીને સઘળી સવલતો આપવા જ સજ્જ થતો હોય છે. આપણી યુવાનીમાં કરેલી ભૂલોથી ટાયર્ડ થઇ જતો બાપ ચીડાઇને પિતૃત્વથી રીટાયર્ડ નથી થઇ જતો. એને પળે પળ આપણને કશું એટલા માટે શીખવાડવું છે કારણ કે જીવનમાં જ્યાં જ્યાં એણે પીછે હટ ભરી છે ત્યાં આપણે ન ભરી દઈએ.

બુદ્ધિનું બજેટ ખોરવ્યા વિના આપણી બાહોશતા અકબંધ રહે તેવા પ્રયત્નો એ સતત કરતો રહે છે. આ કારણોસર એ મોટા ભાગે કડક વલણ અપનાવે અને એટલે જ એ છપ્પનની છાતીમાં રહેલું લીસ્સુ માખણ આપણને મોટાભાગે ઓળખાતું નથી. આ પપ્પા એટલે ૯ વાગે ટીવી બંધ કરીને જબરદસ્તી ભણવા બેસવાનો ઓર્ડર નહીં પણ ભણતરની કિંમત સમજાવતું સુવાક્ય

આ પપ્પા એટલે રાત્રે જ્યાં સુધી ઘરે ન આવીયે ત્યાં સુધી સતત ચાલતો હિંચકાનો કિચુંડ અવાજ.. આ પપ્પા એટલે મમ્મી કરતાં પણ વધુ વ્હાલની ઉપર પહેરેલું કડકાઇનું મ્હોરૂં. આ પપ્પા એટલે એકવાર ખાઈ લીધા પછી મમ્મીથી સંતાડીને બીજી વાર અપાતી ચોકલેટ આ પપ્પા એટલે આપણને કદિયે પડી ન જવા દેતો સાઇકલની સીટની પાછળથી પકડેલો મજબૂત હાથ. આખરે પપ્પા એટલે પપ્પા બસ આમ જુવો તો કશું જ નહીં અને આમ જુઓ તો બધ્ધું જ હજીયે સમય છે. જો પપ્પા નામનું લાગણીનું સરનામું જીવંત બનીને ઘરમાં પોતાની મીઠાશ ફેલાવતું હોય તો આ લેખ પુરો કરીને એને જઈને એક વાર કોઇ જ કારણ વગર ભેટી પડજો.

JIVANSATHI.NET
મેરેજ બ્યુરો
લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના
યુવક-યુવતિઓ માટે
સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ
એ-૯, તીર્થદિવભૂમિ એપાર્ટમેન્ટ,
કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.
Mobile : 98 25 19 19 25
E-mail : info@jivansathi.net
Website : www.jivansathi.net

9427520136 9327007721
DIPALI PARAG
SANGHAVI SANGHAVI
ફેશન ડીઝાઇનીંગ, સ્ટીચીંગ
ઓર્ડરથી હેવી ચણીયા ચોળી
૩૦૦-૩૫૦૦ ડ્રેસ મટીરીયલ્સ, કુર્તી
૧૫, અંબિકાદેવી સોસાયટી, વિ.૨, કિરણપાર્ક રોડ,
પાણીની ટાંકી સામે, સંઘવી હાઈસ્કૂલ રેલ્વે ક્રોસીંગ પાસે,
નારણપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૭૫૫૯૪૫૮

Hitesh Shah
M. : 082380 32464
082380 43874
Vishesh Engineers
Lift Installation & Maintenance Engineers
For all kind of elevators
254, 3rd Floor, Block-D, Sumel-II,
Behind Vanijya Bhawan, Kankaria, Ahmedabad.
E-mail : visheshengineers@yahoo.com
M. : 082380 43873, 090672 32875
Piyushbhai M. 82380 43873



કોઈને પણ સલાહ - શિખામણ
ત્રણવાર થી વધુ આપવી નહીં.

# જીવનમાં સફળતા મેળવવી છે ?

મનુષ્ય જીવનમાં કંઇને કંઈ કરવા માંગે છે અને જો તે ખંતથી તેના ધ્યેયને નજર સામે રાખી આગળને આગળ વધે તો તે સફળતાને વરે છે. સફળતા મેળવવા માટે આપણે જો દરવાજો બંધ કરીને બેસી રહીએ અને તક આપણો દરવાજો ખખડાવે છતાં આપણે આળસમાં બેઠા જ રહીએ તો તક ચાલી જશે. "ટાઇમ એન્ડ ટાઇડ, વેઇટ્સ ફોર નો મેન." સમય અને ભરતી કોઇ માટે ઊભા રહેતા નથી. તે આવે ત્યારે તેનું સ્વાગત કરી, તેનો સદ્ ઉપયોગ કરીએ તો આપણને સફળતા વરશે જ. કોઇપણ સ્થિતિ કે પરિસ્થિતિ આપણને વિકાસની દિશામાં લઇ જાય છે અને આ સ્થિતિ તક આપણને મદદરૂપ થવા જ આવે છે. પણ આપણે આળસ રાખી આવેલ તકનો ઉપયોગ ન કરી. તેને ગુમાવીએ તો સફળતાના નામે મીંડુ છે.

ઘણા લોકો પોતાની નિષ્ફળતાનો દોષનો ટોપલો બીજા લોકો ઉપર આસાનીથી નાખી દે છે. જ્યારે સફળ થનાર વ્યક્તિ પોતે કોઇની પણ ટીકા કર્યા વિના, પોતાને જે ધ્યેય પર પહોંચવું જ છે, એ ધ્યેયને જ નજર સામે રાખી ખૂબ મહેનત કરે છે અને આખરમાં જે ધ્યેય પર પહોંચવું હોય ત્યાં પહોંચીને જ જંપે છે. નિષ્ફળતા કે સફળતા એ આપણા કરેલ કાર્યોનું સારૂં કે નરસું પરિણામ જ હોય છે. માણસે સફળ થવા કોઇપણ કાર્ય શરૂ કરતાં પહેલાં તેનું આયોજન વિચારવું જોઈએ. તે વિચારવા માટે ભલે સમય લાગે, અરે ભલે મહિનાઓ પણ વર્ષ લાગે, આયોજન વિચારાઈ ગયા બાદ જ કાર્યની શરૂઆત કરવી જોઈએ.

માણસ કામ કરવાની પદ્ધતિ સારી, હકારાત્મક હશે, તો તે સફળ થશે. તેની પ્રતિકૃતિ-ફોટો-તેની કામ કરવાની રીત ઉપરથી દેખાય આવે છે. નાનામાંથી જ મોટું થાય છે. માણસ જન્મે છે. ત્યારે નાનો હતો પછી બાળ યુવાન-આધેડ થાય છે. તેવી જ રીતે કોઇપણ કાર્ય કોર ત્યારે નાનામાં નાની વાતોને ધ્યાનમાં રાખી આગળ વધો. તેથી તમો જરૂર સફળ થશો. સફળ થયેલ માણસો ક્ષુલ્લક-નાની અને સામાન્ય લાગતી બાબતોને ખાસ ખ્યાલ રાખે છે. જો સફળ થવું હોય તો તમારૂં દરેક કાર્ય વ્યવસ્થિત પણ રાખવા મારી સલાહ છે. તેમજ ધીરે ધીરે જરાપણ ઉતાવળ કર્યા વિના કામ કરશો. તો તમે સફળ થશો જ. ઉતાવળે આંબા પાકતા નથી. આપણા બાપ દાદાએ વાવેલ આંબો ૧૦ વર્ષે ફળ આપે છે. અને એ આંબામાંથી વીણી લાવેલ કાચા ફળને પણ ઘર લાવી ઘાસમાં પકાવ્યા બાદ જ તે પરીપકવ અને ખાવા જેવાં થાય છે. સફળ થવા માગતી વ્યક્તિ પોતાને જે કામ કરવું છે તેને પોતાનું જ કાર્ય સમજીને કરે છે. માણસે પોતાની કાર્ય પદ્ધતિ બદલાવીને તેમાં સુધારા વધારા કરીને પોતાની નિષ્ફળતાને સફળતામાં બદલાવી શકે છે.

મૂર્ખ માણસ જેવી વાતો કરો નહીં. જો મારા મિત્રને મને રૂપિયા પાંચ હજાર ધંધામાં રોકવા માટે આપ્યા હોત, તો હું આજે કરોડપતિ થઇ ગયો હોત. જો મહાત્મા ગાંધીજી પહેલાં હું જન્મ્યો હોત, તો મેં જ સ્વતંત્રતા આઝાદી અપાવી હોત. આ ખોટા તુક્કા છે. ગાંધીજીની પછી પણ તારો જન્મ થયો છે તો આઝાદી તો ગાંધીજીએ અપાવી, ભારતને તું આબાદી તો અપાવ. આમ કહેનારાઓ પાગલોની દુનિયામાં વસે છે. તક આવે છે. ત્યારે તેને ઝડપી લેનારા માણસો જ સફળતાને વરે છે અને તકને વેડફી નાખનારા લોકો નિષ્ફળતાથી નાસીપાસ થાય છે. તક ઓપોર્ચ્યુનીટી સેલ્ડમાં નોકસ એ વાત એક જમાનામાં સાચી હશે પણ આજે એકવીસમી સદીમાં એ વાત બરાબર નથી લાગતી. તક ભલે આવે તે વારંવાર આવે છે, તેને ઓળખવાની તેનો સમજણપૂર્વક પકડીને ઉપયોગ કરવાની આપણે હિંમત કેળવવી જરૂરી છે. સફળ માનવી આપણને શું કહી જાય છે.

(૧) હું આવેલ તકને ઓળખી કાઢું છું.

(૨) હું તકને ઓળખ્યા બાદ સમય ગુમાવ્યા વિના તકને પકડી લઉં છું, અને જો તક જ ન આવે તો ?

(૩) હું નવી નવી તકનું સર્જન કરૂં છું.

(૪) ત્યારબાદ શ્રમ, સમજ, શક્તિ, આત્મશ્રદ્ધા, વિશ્વાસ, સાધના, ઇત્યાદિ દ્વારા તકનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરૂં છું.

(૫) અને પછી જીવનમાં બદલાવ લાવું છું અને તે મુજબકાર્ય કરવાનું શરૂ કરૂં છું.

(૬) જીવનમાં વહેતા નવા નવા પ્રવાહો તરફ હકારાત્મક અને વિકાસાત્મક ધ્યેય રાખી આગળ વધું છું.

(૭) ઉપરોક્ત બાબતો માટે મારે મારા મનને નિડર રીતે તૈયાર કરવાનો અભિગમ કેળવું છું.

(૮) પછી સકારાત્મક અને હકારાત્મક મારા ધ્યેય સામે જ નજર રાખી, આગળ વધું છું.-મને વિશ્વાસ છે કે હું જરૂર સફળ થઇશ જ.

કોઈએ મનુષ્યને પૂછ્યું તું શા માટે જન્મ્યો ? શું કામ કર્યું ? જીંદગીમાં શું કમાયો ? એણે જવાબ આપ્યો, ભાઈ, હું સી.એ. થયો, બેંકમાં નોકરી કરી, પેન્શન મળશે અને પછી મરી જઈશ. નિરાશાવાદી લોકોને આ વાત બંધ બેસતી છે, કારણ કે તે માણસને જીવનમાં કાંઇક કરવાની તીવ્ર ઇચ્છા -શક્તિ જ નથી. મનુષ્ય અખૂટ શક્તિનો ભંડાર છે. અને તેનામાં છુપો ખજાનો છુપાયેલો છે, પણ તેનામાં આત્મવિશ્વાસ ન હોવાને કારણે તે નિરાશાથી ઘેરાઇ જાય છે. પછી સફળતા ક્યાંથી મળે ? કામ કરવા માટે સારૂં જગત, સાત સમુંદર, આકાશ બધું જ આપણું છે, ફકત તેને નિહાળવાની જ આપણે જરૂર છે. દુનિયાની દરેકે દરેક શોધ, પ્રગતિ માટેના દ્વાર ખોલી આપવા માટે જ થઇ છે અને તે શોધ કરનાર પણ આપણે માનવીઓ જ છીએ. એ માણસો શોધકો, વૈજ્ઞાનિકો, સર્જકો દરેકને તેમના શોધના કાર્યમાં મુશ્કેલી પડી જ હતી. ઇટલીના ગેલેલીયોને પૃથ્વી ગોળ છે તેની શોધ કરવા માટે ફાંસી મળી હતી - તેને ભલે ફાંસી દેવામાં આવી પણ એનું સ્વપ્ન એણે પોતાની શ્રદ્ધા તથા મહેનતથી સાકાર કરી બતાવ્યું. આજે જગત તેના કાર્યની પ્રસંશા કરતાં થાકતું નથી.

ઇસુ ખ્રિસ્તે એક વાત કરી છે, તું દાણા વાવે, ત્યારે દાણાને પૂછીશ નહીં કે, એ ઉગશે કે નહીં ? શ્રદ્ધા રાખજે.

હા, કેટલાક દાણા પવનથી ઉડી જશે, કેટલાક પથ્થર પર સરી જશે, પણ એમાંના કેટલાક દાણા એવા ઉગશે અને કણસલા રૂપે તેના હજારો દાણાઓ થઇ જશે.

એક પ્રખ્યાત નૃત્યાંગનાનો એક પગ કપાઇ ગયો. શરૂઆતની નિરાશા ખંખેરી, તેણીએ એક પગ લાકડાનો બનાવરાવ્યો અને તેને પણ એવી રીતે કેળવ્યો કે તે ફરીથી સ્ટેજ ઉપર નૃત્ય કરવા આવી ત્યારે પ્રેક્ષકોને ખબર પડી કે તેણી લાકડાના પગથી નૃત્ય કરે છે.

ત્યારે તેઓ આફરીન પુકારી ગયા, અને આ નૃત્યાંગનાઓ પોતાના લાકડાના નવા બેસાડેલા પગથી એવું નૃત્ય કરી દેખાડ્યું કે તેના બંને સાજા પગે જે નૃત્ય કરતી હતી, તેના કરતાં પણ ઉત્કૃષ્ટ હતું. હવે નિરાશ થઇને તેણીએ નૃત્ય કરવાનું જ બંધ કર્યું હોત તો ? તેણી નૃત્ય જગતમાંથી ફેંકાઇ જાત.

સફળતા મેળવવા માટે અગાઉ કહ્યા મુજબ ધીરજ સહનશીલતાની ખૂબ જરૂર છે. રાતોરાત કોઇપણ માણસ કરોડપતિ , મોટોનેતા, સામાજીક કાર્યકર, લેખક, કવિ થઇ શકતો નથી. સફળતા એ જાદુગરની લાકડી ફેરવવાથી મેળવી શકાતી નથી. તેને માટે અથાગ, અગાધ અધિકોત્તમ મહેનત કરવી પડે છે. જહેમત ઉઠાવવી પડે છે. અને તો જ ભગવાનની રહેમ નજર અંદાજ થાય છે. ધારણ શક્તિ, ઇચ્છા શક્તિ, ક્રિયાશક્તિ કેળવવી જરૂરી છે. સફળતા પણ ઝાડમાં પણ ઉગતી નથી કે તેને તોડીને ગજવામાં પોકેટ ખીસ્સામાં મૂકી ઘેર લઇ જવાય.

આપણે સફળતા મેળવી યંત્ર યુગમાં પણ પ્રવેશ્યા. પણ આપણે આપણું જુનું ભૂલી ગયા આપણે ખેતરો છોડી તોડ રીસોર્ટ્સ, વાડીઓ ઊભા કરી, ત્યાં કૃત્રિમ રીતે આપણા જુના ખેતરોના કોપી-કરી આપણે કુદરત તરફ દુલક્ષ્ય દર્શાવ્યું તેને મારી નાખી, આપણે તે જ કુદરતને ઘરમાં બેઠા ટીવી ઉપર માણી છીએ. આ આપણી એકવીસમી સદીની નિષ્ફળતા છે. કુદરત સફળ હતી. ત્યાં દરેક વાત અને વસ્તુ મૂળ ઓરીજીનલ હતી. હજુ પણ છે જ્યારે ઘેર બેઠાં ટી.વી. દ્વારા જોવાથી કુદરત એ કૃત્રિમતા છે, તે ફકત જોઈ શકાય છે. તેને માણી શકાતી નથી. કોઇ પણ ફળ ફૂલ ટી.વી. ઉપર નિહાળી શકાય છે. તેના કુદરતી સૌંદર્ય કરતાં પણ સારા લિબાસમાં પણ તેનો સ્વાદ તો કુદરત પાસે ગયા બાદ મળે છે. દાખલા તરીકે કેરીનો રસ બારદાન વિંટાળી ટોપમાં કાઢેલ હોય અને કેન્ડ રસ કે મશીનથી રસ બનાવેલ હોય, તો તેમાં જાત મહેનત કરી જે રસ બારદાનથી કાઢેલ હોય તે જ મીઠો લાગે છે. એવું જ ગેસ પર બનાવેલી રસોઈ કે કોલસાની સગડી ઉપર બનાવેલી રસોઈ ના સ્વાદમાં છે.

આ સફળતા મેળવવા માટે લાંબા ગાળાનું આયોજન ખૂબ ખૂબ જરૂરી છે. અમો થોડાક મિત્રો ટ્રેકીંગના શોખીન જયારે થોડા મિત્રો ચાલવાના આળસુ-અમારે નેશનલ પાર્ક બોરીવલી જવાની ટ્રીપ હતી. તેઓ દરેક ટ્રેઇન મારફત અને પછી બસ દ્વારા આરામથી પોહંચી ગયા, જમવાના સમયે જમી પણ લીધું, જ્યારે  અમો થોડા મિત્રો જે ટ્રેકીંગ કરતા કરતા ધીમે ધીમે પણ સફળતા પૂર્વક આગળ વધતા હતા. અંતે બધા સાંજના ચાર વાગે એક પછી એક ડુંગરાઓ વટાવી અમારા મિત્રો પાસે પહોંચ્યા. આ અમારી સફળતા હતી. અને મિત્રોએ બનાવી રાખેલ રસોઈ અમોને એટલી તો મીઠી લાગી. કે અમારા ટ્રેકીંગનો થાક ઉતરી ગયો. સફળતા મેળવવા માટે અમોએ જરાપણ નિરાશ થયા વગર ડુંગરો ચઢતા ઉતરતા રહ્યા ને અમારા મુકામે પહોંચ્યા.

સફળતા એ દેરક માણસ માટે આવશ્યક ચીજ છે. એના સફળ આયોજન માટે ૧૦ થી ૨૦ કે ૨૫ વર્ષનો સમય પણ ફાળવી શકાય. અને સફળતા મેળવવા માટે પ્રેકટીસરીયાઝ કરવો તો ખૂબ જરૂરી છે. મહાન સંગીતકારો, ગાયકો, કવિ, લેખકો, વિજ્ઞાનીઓ, વિદ્વાનો દરેક લોકો તેમના પૂરતા રીયાઝ કરીને જ સફળતાને વરેલ છે. એક લેખક એક જ લેખ દસ વાર કે તેનાથી ઓછા વધતી વાર લખે છે. તે પણ એક પ્રકારનો લેખન, રિયાઝ થયો. સર થોમ્સ આલ્વાએડીસને આશરે ૩૦૦૦નવી નવી શોધખોળો કરી અને ઇલેકટ્રીસીટી વિજળીની શોધ કરવા હજારો પ્રયોગો કર્યા અને સફળતાને વર્યા. તેઓ ચોવીસ કલાકમાંથી ફકત કલાક આરામ કરતા અને એથી જ તેઓ મહાન સફળતાને વર્યા. ઘણા લોકો સફળતાને પામવામાં નિષ્ફળ જાય છે. અલબત્ત એ લોકો મહેનત ખૂબ જ કરે છે છતાં સફળ થયા નથી. એનું કારણ શું ? તેઓ કાર્યમાં મક્કમ નથી, કામ કરવામાં તલ્લીનતા નથી જાળવતા અને કાર્યમાં સાતત્ય જાળવતા નથી, ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યા મુજબ "કર્મણ્ય વાધિ કારસ્તે, મા ફલેષુ કદાચન." ફળની આશા રાખ્યા વિના કાર્ય કરતો જા. અર્જુને કરેલ મત્સ્યવેધ આપણે આપણી નજર સમક્ષ રાખીએ અને આગળ પાછળ, આજુ બાજુ ઉપર નીચે જોયા વિના આપણા ધ્યેય પ્રતિ આગળ વધીએ તો સફળતા આપણા ખોળામાં આવીને પડશે. તે બે મત નથી. સફળતા મેળવવા માટે માણસે દૂર જવાની જરૂર નથી. સખત મહેનતથી સફળતા અવશ્ય મેળવી શકાય છે.

માણસે સફળ થવા માટે જોખમ, ખેડવું પડે છે. જે તક તમોને મળી છે. તેને ઝડપી લઇ જોખમ ખેડો કોઈ પણ તક જોખમ ખેડ્યા વિના આપણને આગળ જવા દેતી નથી. જીવનમાં દરેક ક્ષેત્ર, સામાજીક, ધાર્મિક, શૈક્ષણિક, આધ્યાત્મિક, વ્યાપારિક, ઔદ્યોગિક, રાજકીય, સંશોધન વગેરે ક્ષેત્રોના અગ્રણીઓ, નેતાઓ આચાર્યો, ઉદ્યોગપતિઓ વગેરે આગળ આવેલા છે, તો તેમને એમ તેઓને સફળતા મળી ગઈ નથી. તેઓ રાત, દિન એક કરીને સફળતા હાંસલ કરી છે, આના દાખલાઓમાં તાતા, અંબાણી, બીરલા, હેન્રી ફોર્ડ, સ્વરાજ પોલ, હોટેલ સમ્રાટ ઓબેરોય, જવાહરલાલ નહેરૂ, જમનાલાલ બજાજ, એવા ઘણા લોકોને ગણાવી શકાય.એક સિદ્ધાંત ઘરની દિવાલ ઉપર કોતરી રાખો. જોખમ વિના સફળથા નથી. ઘરમાં બેઠા રહેવાથી અને તદ્દન આળસુ બની ઘરની દિવાલમાં પૂરાઇ રહેવાનું કરશો તો તમોને કોળીયો (જમવાનું) ભરાવવા કોઇ આવવાનું નથી. એક ભાઇને એવી ટેવ કે તેઓ તંદુરસ્ત હોવા છતાં તેઓ ક્યારે સૂતા હોય ત્યારે તેમના ધર્મપત્ની તેમના મોઢામાં કાળીયો મૂકે અને જમાડે, એનું શું થયું ખબર છે ? એ બિચારો ભગવાનના ઘેર પહોંચી ગયો અને તેની પત્ની પ્રભુભક્તિમાં તન્મય થઇ સુંદર જીવન જીવી રહી છે.

જે માણસ સફળ થવા માટે આનંદ અને આરામથી જીવનમાં ગીત સંગીત ગાતા ગાતા કામ કરે છે તેને સફળતા મળે જ છે. દરેક કામમાં પૂરતો રસ લઇને તા કામ મારૂં ઘરનું, પોતાનું જ છે એમ સમજી કાર્ય કરશો, તો સફળતા અચૂક તમોને મળશે જ. આ માટે કાર્યમાં સાતત્ય લાવો. આનંદ લાવો, કાર્ય ને યજ્ઞ સમજો તે યજ્ઞમાં આહુતિ રૂપે તમારા કાર્યને મૂકો. તેમાં યન, મનથી જીવન ચેતના જોડીને આગળ વધો, યજ્ઞ એટલે આહુતિ, અર્પણ જે સમાજમાં આપણે ઉત્પન્ન થયા છીએ એ સમાજને પણ કાંઇ આપીને આપણે જવાનું છે તે માટે આપણા સમગ્ર ચેતનની ઉર્જા, વિચાર, મનને સંલગ્ન કરીને સમાજનું ઋણ અદા કરો.

# સમયની સાથે ચાલીએ

**દેખાદેખી પર રહો...**

જો પૈસાનો સંબંધ કેટલીય માનવીય લાગણીઓ સાથે હોય છે. ક્રોધ, હતાશા, ઇર્ષ્યા, લાલચ, શરમ અસલામતી, અએકલતા, સ્ટેટસ લઘુતાગ્રંથિ, દુશ્મનાવટ વગેરે. પરસેવો રેડીને કમાયેલી કમાયેલી સંપત્તિનો આનંદ ઉઠાવવામાં આ તમામ લાગણીઓ અને ગ્રંથિઓ આપણને નડતરરૂપ થાય છે.

આપણે મહેનત કરીએ છીએ, પૈસા કમાઇએ છીએ અને બચત તેમ જ રોકાણ કરીને સંપત્તિ ઊભી કરીએ છીએ. સામાન્યપણે આપણે સંપત્તિનું સર્જન આપણી જવાબદારીઓ પરિપૂર્ણ કરવા માટે તેમજ ભૌતિક સાધનોમાંથી આનંદ મેળવવા માટે કરતાં હોઈએ છીએ.

કલ્પના કરો કે આપણે વર્ષોથી જેનું સપનું જોયું હતું તે કાર ખરીદવા જઈએ છીએ. કાર ખરીદતાં પહેલાં તેની ટેસ્ટ ડ્રાઇવ લીધી હતી, તેની રિવ્યુ વાંચ્યા હતા, મિત્રો અને સંબંધીઓમાંથી જેમની પાસે આ મોડેલ હોય તેમને કેટલાય સવાલો કરીને કારની કામગીરી અંગે જાણકારી મેળવી હતી. આખરે નવી નક્કોર કાર ઘરે આવે છે. આખા પરિવારના થનગનાટનો પાર નથી, પરંતુ થોડાક જ દિવસોમાં કોઈ પાડોશી આપણા કરતાં મોટી અને લેટેસ્ટ મોડેલની કાર લઈ આવે છે.આપણે તરત તેની સાથે સરખામણી કરવા માંડીએ છીએ. મનમાં ઇર્ષ્યાનો ભાવ સળવળવા લાગે છે. પરિણામે આપણી પાસે ડ્રીમ-કાર હોવા છતાં તેનો આનંદ લઇ શકતા નથી.

હવે બીજો પ્રસંગ લો. સમજો કે તમે તમારી દીકરીનાં લગ્ન ધામધૂમથી કરવાનું નક્કી કરો છો. આખા પરિવારમાં ત્રણ દાયકા બાદ લગ્નનો અવસર આવ્યો હોવાથી બધા ખુશ ખુશ છે. છ મહિનાથી લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. લગ્નનાં બરાબર ત્રણ અઠવાડિયાં પહેલાં તમને ખબર પડે છે કે વેવાઇપક્ષના લોકો લગ્નની જુદી જુદી ઉજવણીમાં જે કપડાં અને ઘરેણાં પહેરવાના છે તે એકદમ ઉંચા દરજ્જાના છે. તમને લઘુતાગ્રંથિની લાગણી થવા લાગે છે.આખા લગ્નપ્રસંગ દરમિયાન તમે જાનૈયાઓએ તેમ જ બીજા મહેમાનોએ શું પહેર્યું છે તે જોયા કરો છો અને ખુદને તેમની સાથે સરખાવ્યા કરે છે. લઘુતાગ્રંથીની આ લાગણી આખા પ્રસંગની મજા બગાડી નાખે છે.

આપણું જ મન આપણી સંપત્તિનો આનંદ લેવામાં અડચણો પેદા કરે છે. એમાંય આનંદ-પ્રમોદ માટે ખર્ચ થઇ રહ્યો હોય ત્યારે આવા માનસિક વિઘ્નો ખાસ ઊભાં થતાં હોય છે. આપણે આપણા અંદર ઉતરી જોઈશું તો સમજાશે કે ઇર્ષ્યા, લઘુતાગ્રંથિ, શરમ, લાલચ એ બધી આપણા મનની જ પેદાશ છે. કારનું મોડેલ ગમે તે હોય, ક્યાંય કોઇની પાસે આપણા કરતાં વધુ મોંઘી અને અદ્યતન કાર હોવાની જ. તે જ પ્રમાણે આપણાં કરતાં ઊતરતું મોડેલ ધરાવનારા પણ ઘણા હોવાના. રોજ ઓફિસ જવા માટે બસમાં ધક્કા ખાતાં કોઇ નોકરિયાતને પૂછજો. ધારો કે એને તમારા કરતાં સસ્તી અને ઉતરતી કક્ષાની કાર મળી જાય તોય એ કેવો રાજી રાજી થઇ જાય ? મોડેલ નવું છે કે જૂનું તેનાથી એને કશો ફરક પડે ખરો ?

આ જ તંતુને આગળ વધારીએ તો, તમારા વેવાઇ અથવા સમાજમાં બીજા કોઈ પાસે તમારા કરતાં વધુ મોંઘાં કપડાં અને ચીજવસ્તુઓ ભલે હોય, પરંતુ સમાજમાં એવા લાખો લોકો છે જેમની પાસે ઓફિસ, ઘર, પાર્ટી વેકેશન વગેરે માટે અલાયદાં કપડાં નથી. હોતાં. તેમની પાસે કપડાંની બે-ત્રણ જોડી માંડ હોય છે જે તેઓ વારાફરતી બધી જગ્યાએ પહેર્યા કરે છે.

જેમની પાસે આપણા કરતાં વધારે છે તેમની સાથે ખુદને સરખાવતાં રહીશું તો દુ:ખી થઇશું જેમની પાસે આપણાં કરતાં ઓછું છે તેમની સાથે આપણે જાતની તુલના કરીશું તો રાજી થઇશું. આનો અર્થ એવો થાય કે આપણાં દુ:ખ અને સુખનો આધાર અન્ય લોકો પાસે શું છે અને શું નથી તેમ જ તેઓ શું કરે છે કે શું કરતાં નથી તેના પર રહેલો છે. આ કંઈ બહુ સારી સ્થિતિ નથી.

પ્રફુલ્લિત અને આનંદિત રહેવું હોય તો તમે જે છો તે બની રહો. તમારી જાતનું નીરિક્ષણ કરો. ખુદ પર ભરોસો રાખો. ઇશ્વરે આપણને દરેકને કંઇક ને કંઇક અનન્ય આપેલું છે. જીવનને ભરપૂર પણે અને ઇશ્વરે આપણી સંપત્તિને બીજાઓ સાથે સરખામણી કર્યા વગર તમે સારી તે રીતે એને માણો.

SHAH AGENCIES
SHAH EXPORTS
PROPRIETOR : ENJE SHAH ENTERPRISES PVT. LTD.
DEALING IN : POLYESTER FILM STRETCH FILM, SHRINK FILM & SLEEVE
EXPORTER : PRODUCTS FLEXIBLE PACKAGING
NAVIN SHAH • NIRAV SHAH • DEVANG SHAH
Adm. Off. : 317-318, Pushpam, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.
Phone : 91-79-26932662, 63, 64
Fax : 91-79-26932665, (R) 26932733/34
E-mail : navinjshah@gmai.com

SHAH ASSOCIATES
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

Parshwanath Matrimony
માત્ર જૈનો માટે
ભાવના શાહ ૯૨૭૫૧ ૭૨૬૫૫
કામ્યા શાહ ૯૭૨૫૪ ૯૮૦૦૫
હવે મળીશું નવા એડ્રેસે, તો હવે નોંધી લો.
૨, સમીત્રા સોસાયટી, મલાવ તળાવ પાસે, રજવાડુ રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧
સોમથી શનિ ૧૧ થી ૭ રવિવારે ૧૧ થી ૨, બુધવારે રજા
parshwanath.mb@gmail.com
www.parshwanathmatrimony.com
એજ્યુકેટેડ બાયોડેટાની વિશાળ શ્રેણી તો આજે જ મુલાકાત લઈને ખાતરી કરો.



સ્નાનથી તન, દાનથી ધન અને સહનશીલતા થી મન શુદ્ધ બને છે.

# ડો. શૈલ સંઘવી

જનરલ સર્જન - M.S., FMAS, F.I.C.S.

**CONSULTANT LAPROSCOPIC SURGEON**

ગ્રેસ્ટોએન્ટેરોલોજીસ્ટ અને જનરલ સર્જન

## લેપ્રોસ્કોપિક - એન્ડોસ્કોપિક સર્જરી

- એપેન્ડીક્સ, પિતાશયની સર્જરી
- સારણગાંઠ - સર્જરી
- પેટના દર્દોનું એન્ડોસ્કોપિક નિદાન

## એન્ડોયુરોલોજી સર્જરી

(દૂરબીનથી સારવાર) :

- કીડની, પેશાબની નળીની પથરીની દૂરબીનથી (વાઢ કાપ વગર) સારવાર
- પ્રોસ્ટેટની લેસરથી સર્જરી

## જનરલ સર્જરી

- હરસ, મસા, ભંગદરની સ્ટેપલર (વાઢ કાપ વગર) તથા લેસરથી સર્જરી
- થાઈરોઈડ તથા ગળાની ગાંઠની સર્જરી
- સ્વાદુપિંડ, પેટના દર્દોની સારવાર
- લીવરના દર્દોની સારવાર

## કેન્સર સર્જરી

- થાઈરોઈડ, બ્રેસ્ટ, પ્રોસ્ટેટ કેન્સરની સર્જરી
- આંતરડાં, પેટના તથા અન્ય કેન્સરની સર્જરી
- મોંઢાના તથા જડબાના કેન્સરની સર્જરી

**Medilink Hospital** (Shymal Cross Road) &
**Tapan Hospital** (Anjali Cross Road)

Attached with SAL, STERLING, CIMS, MEDI SURGE, SAVIOUR

(મો.) ૯૯ ૨૪ ૩૬ ૪૪ ૨૨ (ઘર) ૦૭૯ ૨૬૬૩ ૫૭૭૨

**UPCOMING OWN NEW SURGICAL HOSPITAL**

A Complete Security & IT Solution Provider

# Infrasoul Techserve Pvt. Ltd.

Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com

HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat




**Associate Companies**

Sanghvi Consultancy| Providing all Types of Insurance Solutions

Sanghvi Infotech Pvt Ltd.| A Complete IT and Networking company

## રત્નમ્ આંખની હોસ્પિટલ

ફેકો અને લેસર સેન્ટર

ડૉ. જીમીત નરેન્દ્રકુમાર સંઘવી

M.S. (Ophthal) D.O. આંખના સર્જન

સોમવાર થી શનિવાર સમય :
સવારે ૧૧-૦૦ થી ૭-૩૦

૨૦૪, હાશ બિઝનેશ સેન્ટર, અંકુર સ્કૂલની પાસે,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭ ફોન : ૨૬૬૪૨૩૪૭

Visit Us : www.ratnameyehospital.com



: ઉપલબ્ધ સુવિધાઓ :

- ફેકો (Phaco) પદ્ધતિથી મોતિયાના ઓપરેશન (Micro Phaco)
- લેસર મશીનથી આંખના નંબર દૂર કરવાની સુવિધા (Lasik - Carl Zeiss MEL 80)
- કોન્ટેક્ટ લેન્સ ક્લિનીક
- ઝામર (Glaucoma)નું નિદાન, સારવાર તથા ઓપરેશન
- ત્રાંસી આંખ, વેલ, પરવાળાનું ઓપરેશન
- લેસરથી છારી (PCO) કાઢવાની સગવડ
- પડદાને લગતા રોગોનું નિદાન તથા સલાહ કેન્દ્ર
- કોમ્પ્યુટર મશીનથી આંખના નંબરની તપાસ
- આંખને લગતા તમામ રોગોનું નિદાન તથા સારવાર કેન્દ્ર

MEL 80

**World Best Laser Machine *is now available at* RATNAM EYE HOSPITAL**

**મહિનાના પ્રથમ શનિવારે ફક્ત સમાજના સભ્યો માટે મફત તપાસ તથા રાહત દરે સારવાર માટે એપોઈન્ટમેન્ટ લઈને આવવું.**

---

Milan Shah (Managing Director)
Cell: +91 92272 58500

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

## Webplus INFOTECH

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

WEBPLUS INFOTECH PVT. LTD.
H-310, Titanium City Center, Next to Sachin Tower, Beside IOC Petrol Pump, Satellite, Ahmedabad - 380051 Gujarat (INDIA)
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net

---

## DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

New Attractions
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames
- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing
- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

**EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY**



વસાણી બેગ મોલ
લેપટોપ બેગ, સ્કુલબેગ, ઓફિસ બેગ, ટ્રેકીંગ બેગ, લેડીઝ પર્સ, જેન્ટસ વોલેટ, કલ્ચ,લગ્નની આણાની બેગ,
NRI બેગ, ટ્રાવેલ બેગ, સેટ નું સ્પેશીયલ ડીસકાઉન્ટ. કોમ્પલીમેન્ટ્રી માટે મોટા ઓર્ડર લેવામાં આવશે.
(વસાણી ચંદુલાલ ખીમચંદ એન્ડ સન્સ)
લાટી બજાર, ઝોન નં. ૪, જગન્નાથજી રોડ, સી એનજી. પેટ્રોલ પંપ પાસે, અમદાવાદ-૨૨. ફોન : ૦૭૯-૨૫૩૯૦૪૫૨ (મો.) ૯૭૨૪૪૪૪૪૪૩.




M/s Vasani Prakashbhai Chandulal
Timber & Plywood Merchant
ઈમ્પોર્ટેડ • ટીમ્બર પલાયવુડ મરચન્ટ • નાઈઝીરીયન સાગ • ઘાનાટીક
7/A, Sardar Patel, Municipal Market Zone No. 3, B/h. Gitamandir,
Ahmedabad-22. M:9327008499 (O) 25327162 (R) 26630010




NX
BATH DECOR NX
elica
House of Imported Products
Elica | Pioneer of Imported Wall & Floor Tiles & Imported Furniture.
Tarang Shah | +91 93740 66882 | 'Venture of Tarang Jitendra Bhai Shah'
104 - 105 Arista, Opp Stellar, Sindhu Bhavan Rd., Pakvan Char Rasta, S.G.Highway, Ahmedabad - 380055.
+91 87330 09082 | amd@bathboutique.me

kitchenette COLLECTION

cello®

Homeaid COLLECTION

DOMESTIC HOME APPLIANCES



SALES MARKETING CORPORATION KARNAVATI

GROUP OF COMPANY

Authorised Super Stockiest
1311, Nagari Ni Khadki, Harkishandas Sheth Ni Pole,
Mandvi Ni Pole, Ahmedabad-380001.
Phone: 079-22113233 / 22140215. Fax: 079-22114414
Email: karnavatimktg@gmail.com

WE ARE WELCOMING FOR BULK INQUIRY

CONTACT:- 9725014507 / 16 / 20

AIRCONDITIONING SHOPPE

Ajay Doshi

AJAY AGENCY

AJAY AGENCY

3, Ground Floor, Ellis Bridge Shopping Centre,
Opp. Town Hall, Ellis Bridge, Ahmedabad-380 006.
(M) 93757 93707

Panasonic Air Conditioning Specialists

DAIKIN AIR CONDITIONERS

MITSUBISHI HEAVY INDUSTRIES, LTD. HEAVY DUTY AIR CONDITIONERS

HITACHI Inspire the Next AIR CONDITIONERS

LG AIR CONDITIONERS

VOLTAS AIR CONDITIONERS

DD

D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006
Ph. 079-26585072, 079-26585092
E-mail :- ddenterprise2007@rediffmail.com

-: DISTRIBUTOR :-
Garment, Hosiery & Loungewear

Jockey
Barry & Clark
Duke
Sherry
Sweet Dreams
Stori
Red Flame
Paras
Cool Babes

**Yash S. Doshi**
Ph : 079-26732449
• SPECTACLES
• CONTACT LENSES
• SUNGLASSES

**MAHAVIR OPTICALS**
BOTADWALA

*5, Arbuda Complex, Near Jain Derasar ,Opp. Prasad Tower,*
*Nehrunagar Circle,Ambwadi, Ahmedabad-380015.*
*(M) 9033691259 - Email-yashsdoshi@gmail.com*

સુખ છે "નીજ"માં સુખ નથી "પર"માં, સર્વ જીવો નીજ સુખ પામે.
જય જિનેન્દ્ર

**अरविंद सेल्स कोर्पोरेशन**

હોલસેલ સ્ટેશનર્સ, ગિફ્ટ આર્ટિકલ્સ,
નવા વર્ષની ડાયરી, ટેલિફોન ડાયરી વગેરે

૧૩, કનક ચેમ્બર્સ, ચંદ્રવિલાસ હોટલ સામે, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૪૩૩૪, ૨૫૩૫૨૬૮૩
મો. : ૯૮૨૫૦ ૧૧૫૦૩, ૯૮૨૪૪ ૧૧૫૦૨; (ઘર) ૨૬૬૫૦૮૬૩, ૨૬૪૦૯૨૩૨

**સખીદાસ પરિવારના જય જિનેન્દ્ર**

**Satva**
Where Health Thrives...
Physiotherapy & Yoga Centre

**ડૉ. નિસર્ગ કોઠારી | 8141402029**
(M.P.T. કાર્ડિયોપલ્મોનરી)
ભૂતપૂર્વ ફિઝિયોથેરાપીસ્ટ સ્ટર્લીંગ અને શેલ્બી હોસ્પીટલ

**ડૉ. શિવાની કોઠારી**
(B.P.T., DNHE)

**ઉપલબ્ધ સારવાર**
- ગરદન, ખભા, મણકા અને ઘૂંટણના દુ:ખાવાની અદ્યતન મશીન દ્વારા સારવાર.
- કોઇપણ ફ્રેક્ચર અને ફ્રેક્ચરના ઓપરેશન પછીની કસરતો
- થાપા અને ઘૂંટણના પ્રત્યારોપણ પછીની કસરતો
- રમત-ગમત દ્વારા થતી ઇજાની સારવાર
- લકવો, સાયટીકા, બેલ્સ પાલ્સીની સારવાર
- પલ્મોનરી રીહેબીલીટેશન (શ્વાસને લગતી) ઓક્સીજન સાથે
- કાર્ડીયાક રીહેબીલીટેશન (હૃદયને લગતી)
- ડાયેટ કાઉન્સીલીંગ
- યોગા

જૈન સમાજના સભ્યો માટે રાહત દરે નિદાન તથા સારવાર.
સમય : સવારે ૯ થી ૧ કલાકે • સાંજે : ૪ થી ૮ કલાકે

૩૧૦, શાંગ્રીલા આર્કેડ, શ્યામલ ચાર રસ્તા પાસે, આનંદનગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૧૫. ફોન નંબર ૦૭૯-૨૬૭૬૨૦૨૯




*A Place Where People Trust*
**RAJENDRA A.**
**JEWELLERS PVT. LTD.**
Gold, Diamond & Silver Antique Jewellery
(Govt. Approved Valuer)

6 - G Floor, 103 - 1st Floor, National Plaza,
C.G. Road, Opp. Lal Bungalow, Ahmedabad-380009.
Phone : 26560670, 26560671

Published On 18th of Every Month & Permitted to post at Ahd. PSO on 18'th E/M
Valid up to 31-12-2020
ડિસેમ્બર - ૨૦૧૮

R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2018-2020

SMART™ TOTAL KNEE REPLACEMENT WITH ABC™ TECHNIQUE



+91 98250 66013

ડો.અમીર સંઘવી

ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે.,ઇટાલી અને યુ.એસ.એ.

ડો.અતીત શર્મા
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

ડો.ચિરાગ પટેલ
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

ડો.હેમાંગ અંબાની
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120

ડો.સમીર નાણાવટી
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 9825081164

અત્યાધુનિક હાઈ પરફોર્મન્સ સાંધાઓ સાથે

- આપ પલાઠી વાળી બેસી શકશો
- કુદરતી ઘૂંટણ જેવો અનુભવ
- ની જોઈન્ટનું લાંબુ આયુષ્ય



એપોઇન્ટમેન્ટ માટે કોલ કરો
+91 98240 33360

Shree Orthocare
Strength in Togetherness

SAL HOSPITAL
Healthcare With Human Touch

સાલ હોસ્પિટલ અને મેડીકલ ઈન્સ્ટીટ્યુટ
દૂરદર્શન ટાવરની સામે, ડ્રાઈવ-ઈન-રોડ, થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૪

Email : shreeorthocare@gmail.com
Website : www.shreeorthocare.com

પ્રેષક : If undelivered to return to    Reg. No. GUJ-314/2018-2020    Valid up to 31-12-2020

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી,